
# નિત નિત ફૂટી જતાં નીટના પ્રશ્નપત્રો પ્રાણપ્રશ્નો બની ગયાં છે






**યુવાન અને પ્રતિભાવાન વિદ્યાર્થીઓના માનસ નાજુક હોય છે. ખૂબ સંવેદનશીલ હોય છે. પરીક્ષા રદ થાય તો અમુકને એવું લાગે કે જિંદગી હારી ગયા**

## સારાંશ

★ વિન્સી મરચન્ટ

ભ્રષ્ટાચાર બદમાશી અને ધનલાલચ જ્યાં બેસુમાર ફાટી નીકળે છે એ દેશ, એ સમાજ કે એ સંસ્થા ક્યારેય પ્રગતિ કરી શક્તાં નથી. ભારતને હાલમાં એ સ્થિતિ જ નડી રહી છે. સમાજ પણ  સ્વીકારતો નથી કે વ્યક્તિગત અને ગેરવાજબી લાલચ બાજુએ રાખી. સમગ્ર રાષ્ટ્ર અને પ્રજાનો વિકાસ સાથે મળીને થાય તો તેનાં પરિણામો વ્યક્તિગત સ્વાર્થલોલૂપતાથી થતી વ્યક્તિગત પ્રગતિ કરતાં વધુ સારા મળે છે. સમાજમાંથી બહાર આવતા નેતાઓ પણ એટલા જ નાલાયક છે.

લગભગ અનેક નેતાઓ અને એમના મળતિયાઓએ ખાનગી યુનિવર્સિટીઓ ખોલી રાખી છે. એમનો ઉત્તમ ઈરાદો શો? તો કહો કે અઢળક નાણાં કમાવાનો. દેશમાં 1400 (લગભગ) યુનિવર્સિટીઓ છે પણ શિક્ષણ મેળવવા દેશના વિદ્યાર્થીઓને પશ્ચિમના સમૃદ્ધ દેશો અને હવે દુનિયાના ફીલીપાઈન્સ જેવા ગરીબ દેશોમાં જવું પડે છે. બીજી તરફ દેશને વિશ્વગુરુ બનવું છે. જોકે આ તરંગ રાષ્ટ્રીય સ્વયં સેવકના વડા મોહન ભાગવતનો છે. તરંગ પાળવો તેમાં કશું ખોટું નથી. પરંતુ એ દિશામાં કંઈક નક્કર કામ કરવું જોઈએ, થવું જોઈએ. અન્યથા એ તરંગ કશા કામકાજ વગરના, નવરા જણનો શેખચિલ્લિનો તરંગ  બની જાય છે. દર વરસે દેશની કોઈ નાની-મોટી, મહત્વની-અમહત્વની શિક્ષા સંસ્થાઓના પેપર ફૂટી જાય છે. સરકાર 2025માં લીક વેળાએ વચન જાહેર કરે છે કે હવે ક્યારેય પેપર નહીં ફૂટે. છતાં 2026માં દર વરસની માફક, નિયમ બની ગયો હોય તેમ પેપરો ફૂટી જાય છે. હમણાં નીટ, જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાનું પેપર વધુ એક વખત માટે ફૂટી ગયું છે અને દેશને શ્રદ્ધા છે કે 2027માં તે અચૂક ફૂટી જશે. આબરૂના ધજાગરા ત્યારે આબરૂના ધજાગરા ગણાય જો શિક્ષણ મંત્રી (કેન્દ્રીય) ધર્મેન્દ્ર પ્રધાનના પથ્થરની મૂર્તિ સમાન ચહેરા પર કોઈ શરમના શેરડો ઊપસી આવે તો! કોઈ છળ કે કચરલી પડે તો! આ લોકોને કોઈ ફરક પડતો નથી. ત્યાં સુધી કે આ દેશમાં ભણવામાં એક ઢ છોકરી પૂજા ખેડકર યુપીએસસીની પરીક્ષા પાસ કરી, મહારાષ્ટ્રની આઈએએસ કેડરમાં નોકરી મેળવી જાય છે. ખેડકર પરિવારનું ટપોરી સ્ટાઈલ વર્તને પૂજાના વ્યક્તિત્વ અને વલણને ખુલ્લા પાડી દીધા. અન્યથા એ છોકરીને નેત્રમાંથી કોઈ પકડનાર ન હતું. એના માટે બચાવ અને વિકાસમાં જ આખું સરકારી તંત્ર લાગ્યું હતું.

બિહારમાં પરીક્ષા કેન્દ્રોમાં, મા-બાપો સ્વજનો, મિત્રો, શિક્ષકો દ્વારા ખુલ્લેઆમ ચોરી કરાવવાની તસવીરો આંતરરાષ્ટ્રીય મિડિયામાં છપાય છે અને ત્યારે જ જગત પામી જાય છે કે વિશ્વ ગુરુ'ની વાતમાં કેટલો દમ છે? વીસ-ત્રીસ વરસ અગાઉ ગુજરાતનાં અમુક પરીક્ષા કેન્દ્રોમાં બિહાર જેવાં જ દશ્યો સર્જાતા હતા. શિક્ષણ એ શિક્ષા અને લાયકાત કેળવવા માટે છે. તેના બદલે એ ભાવ પેસી જાય કે તે પૈસા કમાવવા માટે જ છે ત્યારે ભારત જેવી દુનિયા આકાર લે છે.

હમણાં નીટ-યુજી (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ- અંડર ગ્રેજ્યુએટ)ની પરીક્ષાના પેપરો એક સપ્તાહથી માંડીને એક મહિના અગાઉથી લીક થઈ ગયા હતા અને અનેકવાર ઊંઘતું ઝડપાયેલું ધર્મેન્દ્ર પ્રધાનનું શિક્ષણ મંત્રાલય ફરી એક વાર ઊંઘતું ઝડપાયું. યુવાન અને પ્રતિભાવાન વિદ્યાર્થીઓના માનસ નાજુક હોય છે. ખૂબ સંવેદનશીલ હોય છે. પરીક્ષા રદ થાય તો અમુકને એવું લાગે કે જિંદગી હારી ગયા. આ વખતની નીટ રદ થઈ તેના પરિણામ ખૂબ ખરાબ આવ્યાં છે. દેશના અલગ અલગ પ્રદેશોમાં ચાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ આત્મહત્યાઓ કરી નાંખી છે. નેતાઓએ દેશના ભવિષ્ય વિષે બાંગો પોકારવાને બદલે વાસ્તવિકતા સુધારવાના પ્રયત્નો કરવાની જરૂર છે.

રાજસ્થાન સીકરના 22 વરસના પ્રદીપ મેઘવાલે, લખીમપુર ખીરી, ઉત્તર પ્રદેશના 21 વરસના ઋતિક મિશ્રએ દિલ્હીની વીસ વરસની અંશિકા પાંડેય અને ગોવાના 17 વરસના એક વિદ્યાર્થીએ, પરીક્ષા રદ થવાનો આઘાત સહન ન થવાથી આત્મહત્યાઓ કરી નાખી છે.

નીટ જેવી પરીક્ષાઓનું સંચાલન અથવા આયોજન નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) ના ઉપક્રમમાં થાય છે. આ અગાઉ એની વ્યવસ્થા સુધારવા માટે એનટીએને બે વખત ચેતવણી અપાઈ હતી, પણ દરેક સંસ્થાઓ, દરેક બાંધકામ કોન્ટ્રેક્ટરોને ચેતવણી ઘોળીને પી જાય છે એન ફરિવાર એ જ લાપરવાહી કોન્ટ્રેક્ટ મેળવવાની લાયકાત બની જાય છે તેવું અહી પણ થયું.

નીટ યુજી એક દિવસની પેન અને પેપરની પરીક્ષા હતી. તેમાં 565 શહેરોના 5400થી વધુ કેન્દ્રો પર પરીક્ષા આપવા માટે લગભગ બાવીસ લાખ એંસી હજાર વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. આ પરીક્ષાના પ્રવેશદ્વાર દ્વારા દેશની 823 મેડિકલ કોલેજોમાં 1,29,805 (એક લાખ ઓગણત્રીસ હજાર આઠસો પાંસ) એમબીબીએસની બેઠકો માટે પ્રવેશ મેળવી શકાય છે. 330 ડેન્ટલ કોલેજોની બીડીએસ ડિગ્રી માટેની 27,695 સીટો માટે પ્રવેશ મેળવી શકાય છે. પરીક્ષાના થોડા દિવસો બાદ 410 સવાલો ધરાવતું હસ્તલિખિત 'ગેસ પેપર' બહાર આવ્યું.  એ પુરાવા સાથે વાત ફેલાઈ કે પરીક્ષા અગાઉ ઘણા દિવસથી વ્હોટસએપ તેમ જ ટેલિગ્રામ પર ઉપલબ્ધ હતું. અમુક વિદ્યાર્થીઓને તે 42 કલાક અગાઉ મળ્યું હતું. જ્યારે અમુક પાસે એક મહિના અગાઉથી આવી ગયું હતું. રાજસ્થાન, સીકરના એક વ્હીસલ બ્લોઅર કાર્યકર્તાએ સાચા પેપર સાથે તેની મેળવણી કરી તો જણાયું કે બંને પ્રશ્નપત્રોમાં અજીબ સમાનતા જોવા મળી. કુલ 720 ગુણના પ્રશ્નોના પેપરમાં 600 ગુણના સવાલો એક સરખા જ હતા. એનટીએ દ્વારા પોતાની રીતે તપાસ કરાવવામાં આવી તો જણાયું કે રસાયણ શાસ્ત્રનું આધિકારિક પ્રશ્નપત્ર અને લીક થયેલું પ્રશ્નપત્રો આબેહૂબ અર્થાત બેઠાં જ એક સરખા હતા. જીવશાસ્ત્રના મોટા ભાગના સવાલો બંને પ્રશ્નપત્રોમાં એક સરખા જ હતા. બાયોલોજીના ગેસપેપરના લગભગ 120 સવાલો અસલી પ્રશ્નપત્રમાં હતા. દેખીતા પુરાવાઓને આધારે હોબાળો મચવાનો નક્કી હતો તેથી નવુ નુકસાન અટકાવવા એનટીએ દ્વારા પૂરા દેશમાં પ્રથમ વખત પરીક્ષાઓ રદ કરવામાં આવી. હવે 21 જૂને ફરીથી પરીક્ષાઓ યોજાશે. કહે છે કે હવે પછીની પરીક્ષાઓમાં ગુપ્તના જળવાઈ રહે તે માટે દેશની સેનાની મદદ લેવામાં આવશે. વર્તમાન લીકની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલા અમુક લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આ રેકેટના કેન્દ્ર તરીકે મહારાષ્ટ્રનું નામ બહાર આવ્યું છે. કુલ તેર જણની ધરપકડ થઈ છે. જેઓ પેપરફોડોના નેટવર્કમાં જોડાયેલા હતા. લાતુરના ડો. મનોજ શિરૂરેની ધરપકડ થઈ છે. એમણે કેમિસ્ટ્રીનું પેપર વિદ્યાર્થીઓને પહોંચાડ્યું હતું. એક મોટા કોચિંગ નેટવર્કના સ્થાપક શિવરાજ રઘુનાથ મોટે ગાંવકર પણ રેકેટમાં સામેલ હતા એ આરોપ હેઠળ એની ધરપકડ થઈ છે. લીક થયેલું પેપર એના ફોનમાંથી મળી આવ્યું હતું. પુણેમાંથી એક ગુજરાતી તેજસ હર્ષદકુમાર શાહની ધરપકડ થઈ છે. એ ફિઝિક્સની ફેકલ્ટીમાં છે અને એના પર આરોપ છે કે ફિઝિક્સના પ્રશ્નપત્રો એણે લીક કર્યા હતા. આ રેકેટના માસ્ટરમાઈન્ડ અથવા કિંગપીન તરીકે નિવૃત્ત કેમેસ્ટ્રી લેક્ચરર પી.વી. કુલકર્ણીનું નામ બહાર આવ્યું છે. નાસિકના શુભમ ખૈરનાર, અહિલ્યાનગરના ધનજંય લોખંડે  પણ આ નેટવર્કમાં સામેલ હતા. સીબીઆઈએ અનેક મજબૂત પુરાવાઓ તાબામાં લીધા છે. નાણાંકીય વ્યવહારોના પુરાવા મેળવ્યા છે, જેમાં કોચિંગ સેન્ટરોની પણ સામેલગીરી હતી. પી.વી. કુલકર્ણી ખૂબ મહારાષ્ટ્રના લાતુરના નિવાસી છે. ટુંકમાં આ ષડયંત્રમાં મહારાષ્ટ્રની શિક્ષણ સંસ્થાઓમાં જોડાયેલા લોકોના નામો વધુ બહાર આવ્યા છે. પી.વી. કુલકર્ણીના એક સહ-આરોપી તરીકે મનીષા વાઘમારેનું નામ છે. આ તમામને દિલ્હી વડી અદાલતે દસ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલ્યા હતા.

એનટીએએ જે તકેદારી રાખવી જોઈતી હતી, તે પણ જૂના કડવા અનુભવો બાદ, તે રાખી નથી. હવે તેના મહાનિદેશક અભિષેક સિંહ સુફિયાણી વાતો કરે છે. એ કહે છે કે, ''આગળ વધવાનો એક માત્ર રસ્તો પરીક્ષા પ્રક્રિયામાં માનવીય દખલીગીરીને, હસ્તક્ષેફને જેમ બને તેમ ઓછા કરવાનો છે. આ કોઈ વ્યક્તિની નહીં, પણ સંસ્થાની વાત છે. આખરે સંસ્થાના લાખો બાળકો, તેમના વાલીઓ અને વ્યાપક સમાજ પ્રત્યે સંસ્થાએ જવાબદાર હોવું જોઈએ.''

કંઈ સંસ્થાની એ વાત કરી રહ્યા છે. એનટીએની વાત કરી રહ્યા હોય તો એ પોતાને જ સલાહ આપી રહ્યા છે. બીજી સંસ્થાઓની વાત કરી રહ્યા હોય તો એ  ગાફેલ છે. જૂના અનુભવોમાંથી કશું શિખ્યા નથી, અથવા કોઈ અકળ કારણોસર કશું શિખવા માગતા નથી. જોકે આ વખતે પ્રશ્ન પેપર અગાઉની પધ્ધતિથી થતું તેમ લીક નથી થયું.

પરંતુ લીક થવાનાં તમામ ઉપક્રમો, પ્રવૃત્તિઓ વિશે એનટીએને જાણ હોવી જોઈએ. તેના બદલે પેપર લીક થયું છે તેની જાણ એનટીએને કોઇ વ્હીસલ બ્લોઅર કરે ત્યારે થાય છે. આ વખતે અગાઉની માફક પ્રિન્ટીંગ પ્રેસ, કુરિયર વ્યવસ્થા કે પરીક્ષા કેન્દ્રની બહાર પ્રશ્નપત્ર લીક થયું નથી. પ્રશ્ન પેપર ત્યાંથી ફૂટી ગયું જયાં તેને બનાવવામાં આવ્યું હતું અને જયાં તેનો અનુવાદ થયો હતો. મતલબ કે બીજા કોઈને પહોંચાડવામાં આવે તો અગાઉ જ લીક થઇ ગયું હતું. બાર ક્ષેત્રીય ભાષાઓ અને અંગ્રેજી મળીને કુલ 13 (તેર) ભાષામાં પ્રશ્નપત્રો તૈયાર થાય છે. અંગ્રેજીમાં માસ્ટર પેપર તૈયાર થાય ત્યારબાદ બીજી ભાષાઓમાં તેનો અનુવાદ થાય. એ અનુવાદની સચ્ચાઈ અને શુદ્ધતા જાણવા માટે અનુવાદની ભાષામાંથી ફરિવાર તેનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવે છે. મતલબ કે પ્રશ્નપત્ર સીલ કરવામાં આવે તે અગાઉ અનેક લોકોના હાથમાંથી પસાર થાય છે. જોખમને હળવું કરવા માટે એનટીએ ઘણી વખત એક જ વિશેષજ્ઞ પાસે પ્રશ્નો તૈયાર કરાવવાનું અને તેનો અનુવાદ કરાવવાનું મુનાસીબ માનતી હોય છે. પરિણામે 2026માં સામેલ વિશેષજ્ઞોની સંખ્યા ઘટી હતી. આમાનનીય વિશેષજ્ઞોની યાદીમાં જ પૂણેના કેમિસ્ટ્રી લેકચરર પી.વી. કૂલકર્ણી અને બાયોલોજીના વિશેષક્ષ તરીકે મનીષા ગુરુનાથ મંધારે સામેલ હતાં. બન્ને એકબીજાને વરસોથી ઓળખે છે અને બન્ને, પ્રશ્નપત્રો તૈયાર કરવાની સાથે સાથે મરાઠીમાં તેનું ભાષાંતર પણ કરતાં હતા. ભાષાંતરકાર તરીકે કુલકર્ણી પાસે 45 અને મનીષા મંધારે પાસે 90 સવાલો હતા. બન્ને મળીને બે વિષયના કુલ 135 સવાલો જાણતાં હતાં.

સીબીઆઈના કહેવા પ્રમાણે કુલકર્ણીએ આ સ્થિતિમાં રોકડા કમાવાનું નક્કી કર્યું. એણે પોતાના પૂણે ખાતેના ઘરમાં એક અલગ કોચિંગ કલાસ શરૂ કર્યો. જેમાં એણે પ્રશ્નપત્રોમાં જે સવાલો લખ્યા હતા તેના જવાબો, વિકલ્પો વગેરે ભણાવવાની શરૂઆત કરી. મોટી રકમના બદલામાં. આ કલાસમાં એ ડિટેક્ટ કરાવતાં. પરંતુ જે હસ્તલિખિત નોટ્સ વિદ્યાર્થીઓ પાસેથી મળી તેનો અસલી પ્રશ્નપેપર સાથે પૂર્ણપૂણે મેળ બેસે છે. સીબીઆઈને માહિતી મળી છે કે કુલકર્ણી અને મનીષાએ એક પ્રશ્નપેપર દીઠ ત્રણ લાખ રૂપિયા વસૂલ કરીને 75 થી વધુ વિદ્યાર્થીનિઓને પેપર વેચ્યા હતા. ફલતઃ આ સામગ્રી પ્રથમ હસ્તલિખિત નોટના રૂપમાં વ્હોટસએપ અને ટેલિગ્રામમાં સામે આવી હતી. આ વિશેષજ્ઞોની નીચે દલાલો અને લાલચુઓનું આખું એક નેટવર્ક કામ કરી રહ્યું હતું. દલાલોએ તો એક એક વિદ્યાર્થી પાસે થઈ પંદર પંદર લાખ વસૂલ કર્યા હતા. પેપર ખરીદનારા સાઠેક શકમંદોની તપાસ દેશભરમાં ચાલી રહી છે.